


# શહેરની મહિલાઓનું આજે સન્માન

ગાંધીનગર, તા.૭

વિશ્વ મહિલા દિન નિમિત્તે ઉદગમ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સાતમા ઉદગમ વુમન એચિવર એવોર્ડનું આયોજન તા. ૮મી માર્ચ મંગળવારના રોજ બપોરે ૪થી ૬ કલાક દરમિયાન ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ચ-૦ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મહિલા અને બાળ વિકાસ આયોગના ચેરમેન જાગૃતિબેન એસ. પંડયા, આમંત્રિત મહેમાનોમાં ગાંધીનગર મનપાના મેયર હંસાબેન મોદી અને અરવિંદ ફાઉન્ડેશનના નિરજ કે. લાલ હાજર રહેશે. છેલ્લા ૬ વર્ષથી ઉદગમ ટ્રસ્ટ દ્વારા વિવિધ ક્ષેત્રે મહિલાઓને એવોર્ડથી સન્માનવામાં આવે છે.

એવોર્ડ મેળવનાર મહિલાઓમાં લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ-કુસુમબેન ચંદ્રકાન્ત તન્ના અને કમલા કાબરા, સોશિયલ વર્ક-મમતા રાવલ અને અર્પીતા વ્યાસ, એન્ટરપ્રિન્યોર-કરીશ્મા જોષી, રેખા અર્ધ્વયુ, હેલ્થ-ડૉ. શ્રી મિસ્ત્રી, ડૉ. ફાલ્ગુની શશાંક ડૉકટર, જર્નાલીઝમ-જયોતિ કૃષ્ણકાન્ત ઉનડકટ, ફેશન અને આર્કીટેકટ-અર્ચના શાહ, એઆર ઉર્વી રાજવીર અને નેહા કોડવાની, આર્ટ અને કલ્ચરલ ક્ષેત્રે દવે કીન્નરી, કલ્પના ગજડેકર, હેન્ડીક્રાફ્ટ-પંડયા ઈલા, મ્યુઝીક-માના રાવલ, કલ્ચરલ-દીના ડોડિયા, હરિતા શાહ, એજયુકેશન-કુસુમબેન જોષી, સવિતાબેન માછી, સ્પોર્ટસ-શ્રીમતી રમીલાબેન પટેલ અને શાહ અનીલા કિશોરકુમાર, લીટરેચર-મમતાબેન બુચ જયારે દિવ્યાંગ-નિષ્ઠા ઠાકરને મળનાર છે.

## @ગાંધીનગર

● સે-૧૫માં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એલડીઆરપી હૉલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે 'વુમન એન્ટરપ્રિન્યોરશીપ સેલ'નો ઉદઘાટન સમારોહ યોજાશે.

● પેથાપુર માધવ વિહાર સોસાયટી ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ઉદગમ સંસ્થા દ્વારા સાંજે ૪ કલાકે ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે શહેરની વિવિધ ક્ષેત્રમાં અગ્રણી ૨૪ મહિલાઓનો સન્માન કાર્યક્રમ યોજાશે.

# 'વાંચેલુ ભુલી જાવ છું' બોર્ડના વિદ્યાર્થીઓનો સૌથી મોટો પ્રશ્ન...!

## જીવન આસ્થા હેલ્પલાઈન પર દરરોજ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓના કોલ આવે છે જેમાં મોટભાગનાને આ જ પ્રશ્ન સતાવે છે...!!

ગાંધીનગર, તા.૭

બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓ તણાવમુકત રહીને આપી શકે તે માટે ટેલીફોનીક કાઉન્સેલીંગ હેલ્પલાઈન 'જીવન આસ્થા' શરુ થઈ છે. વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે આરંભાયેલી આ હેલ્પલાઈનમાં પરીક્ષા આવી જતા હમણાંથી દરરોજ ૨૦૦ જેટલા કોલ આવે છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓની એક જ સમસ્યા હોય છે કે છેલ્લી ઘડીએ વાંચેલુ ભુલી જવાય છે. જે સંદર્ભે કાઉન્સેલીંગ કરી વિદ્યાર્થીઓને તણાવમુકત કરવામાં આવે છે.

બોર્ડ દ્વારા પણ 'જીવન આસ્થા' હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૩૩૩૦નો ઉપયોગ કરવા તમામ શાળા સંચાલકોને પરિપત્રો કરવામાં આવ્યા છે. જેથી વાલીઓ-વિદ્યાર્થીઓ હેલ્પલાઈનનો ઉપયોગ કરી તણાવમુકત થઈ શકે. બોર્ડની પરીક્ષા આવતા જ એવરેજ ૨૦૦




કોલ વિદ્યાર્થીઓ તથા વાલીઓના આવે છે. તેમાં ખાસ કરીને પરીક્ષાની ચિંતાને લીધે યાદ નથી રહેતું અથવા માતાપિતાની અપેક્ષાના દબાણમાં તાણ અનુભવવાનો ઉપરાંત ત્રણ કલાકમાં કેવી રીતે પેપર પુરું કરવું તે અંગે માર્ગદર્શન માંગતા કોલ આવી રહ્યા છે. અનુભવી કાઉન્સેલર દ્વારા દરરોજ ૨૦૦ કોલ એટેન્ડ કરીને સમસ્યાઓ દૂર કરવા અસરકારક માર્ગદર્શન આપવામાં આવે છે. ઘણા કિસ્સામાં વાલીઓના પણ પ્રેશર નકારવા બાબતે કાઉન્સેલીંગ કરવામાં આવ્યા છે. ચોવીસ કલાક ચાલતી હેલ્પલાઈન સેવામાં કોલરની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે. તે ઉપરાંત આ હેલ્પલાઈનમાં ત્રિસ્તરીય માળખુ રચાયેલું છે. પ્રથમ સ્તરે કાઉન્સેલર માર્ગદર્શન આપશે, જરૂર પડે તો સિનિયર કાઉન્સેલર કાઉન્સેલીંગ કરશે અને ખાસ કિસ્સાઓમાં જરૂર પડે ત્યારે મનોચિકિત્સકની મદદ લેવામાં આવશે.

## ઝાડા-ઉલ્ટી થઈ જતા ૧૬ વર્ષના કિશોરનું ચાલુ બસમાં મૃત્યુ : રાજસ્થાન જતી બસ ચિલોડા પહોંચી ત્યારે કિશોર બેભાન થઈ ગયો

ગાંધીનગર, તા.૭

રાજકોટ ખાતે કોઈ પ્રસંગેમાં રોટલી બનાવવા ગયેલો રાજસ્થાનનો ૧૬ વર્ષીય શ્રમિક કિશોર ગઈ કાલે બસમાં રાજસ્થાન પરત જઈ રહ્યો હતો. અચાનક ઝાડા ઉલ્ટી થઈ જતા ૧૬ વર્ષીય ગણેશ ગરાસીયા ચાલુ બસમાં જ બેભાન થઈ ગયો. ચિલોડા સર્કલ પાસે બસ પહોંચી ત્યારે બેભાન થઈ ગયેલા કિશોરને સારવાર અપાવવા બસ ઉભી રખાવી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી પરંતુ ત્યાં સુધીમાં ગણેશનું મૃત્યુ થઈ ચુકયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરુ કરી છે.






ગાંધીનગરના કુડાસણ ખાતે સ્વામીનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયેલ વાલી સંમેલનમાં શાળાના ધો-૧૧માં ભણતી બે વિદ્યાર્થીનીઓ માનસી મકવાણા અને માનસી વિરપરાએ 'કર્ટેન મલ્ખમ'ના અદભૂત કરતબો પ્રદર્શિત કરી ઉપસ્થિત તમામને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. 'મલ્ખમ' એ પૌરાણિક ભારતીય અંગ કસરતનો ખેલ છે જેમાં 'કર્ટેન મલ્ખમ' એ એક નવો ટ્રેન્ડ ગણાય છે. આ ક્ષેત્રે બંને વિદ્યાર્થીનીઓએ ગાંધીનગર તથા અમદાવાદમાં પણ અનેક કાર્યક્રમોમાં પોતાના સાહસિક અને જાબાંઝ કરતબો દર્શાવી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરેલ છે.

# રાયપુર પાસે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા કોર્પોરેટરના ભાઈનું પણ મોત

## અમદાવાદમાં સારવાર દરમિયાન સવારે પ્રાણ પંખેરૂ ઉડી ગયું

ગાંધીનગર, તા.૭

રાયપુર નર્મદા કેનાલ પાસે બ્રીજ પર ગઈ બપોરે ડમ્પર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. તેમાં દહેગામના કોર્પોરેટરનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ અકસ્માતમાં ઘવાયેલા તેમના ભાઈને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં આજે સવારે તેમનું પણ પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતું. ડભોડા પોલીસે ગુનાની તપાસ આરંભી છે.

રાયપુર બ્રીજ પાસે ડમ્પરની ટકકરથી ગઈ કાલે સ્વિફટ ચાલક ૬૦ વર્ષીય દહેગામ નગરપાલિકા વોર્ડ નં. ૩ના કોર્પોરેટર બાબુભાઈ ડાહ્યાભાઈ બાનવાણીનું કરૂણ મૃત્યુ થવા પામ્યું હતું. સ્વિફટમાં કોર્પોરેટરના ભાઈ વિનુભાઈ પણ બેઠા હતા. આ અકસ્માતમાં તેમને પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી. સારવાર માટે અમદાવાદમાં દાખલ કરવામાં આવેલા વિનુભાઈ બાનવાણીનું આજે સવારે સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ગુનો નોંધી ડમ્પરચાલકને પકડવા તજવીજ શરુ કરી છે.

## વાતવાતમાં

● મહા શિવરાત્રિના તહેવારે ભગવાન ભોળાનાથના પ્રસાદ ભાંગ માટે તમામ શિવાલયોમાં વ્યવસ્થા ગોઠવાઈ હતી. એટલું જ નહી અનેક શિવભકતોએ પોતાના કે મિત્રોના ઘરે પોતાની વ્યવસ્થા ગોઠવી લીધી હતી.

● ગાંધીનગરના માર્ગો પર ફરી એકવાર ગાયોનો ત્રાસ વધવા પામ્યો છે. ખાસ કરી રોડ નં. ૬ અને ઘ રોડ પર ગાયોના ટોળા માર્ગની વચ્ચોવચ અડ્ડા જમાવી વાહનચાલકો માટે મુસીબત સમાન બની રહ્યાં છે.

● ગાંધીનગરમાં રવિવારે યોજાયેલ સાયકલ રેલીમાં જાણીતા મહિલા સ્વીમર મેઘલ એરડા તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા વર્ષાબેન પારેખે ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન કર્યા હતા. મેઘલ એરડાએ તો સાયકલ રેલીમાં પ્રારંભથી અંત સુધી સાયકલ પણ ચલાવી હતી.

● સે-૧૦માં ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની ઓફિસ નજીકથી પસાર થઈ રહેલ એક સરકારી કર્મચારી અચાનક ઢળી પડતા તાત્કલિક ૧૦૮ બોલાવાઈ હતી જેના કર્મચારી દ્વારા તેને મૃત જાહેર કરાયો હતો. આ કર્મચારીનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે.

## ઈસનપુર મોટા ખાતે પ્રથમ સમૂહ ચૌલક્રિયા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પાસે આવેલા ઈસનપુર મોટા ખાતે કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ ચૌલક્રિયા સમારોહ પટેલ ગોંવિદભાઈ મફતભાઈ નિતિન કન્સ્ટ્રકશનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.



આજે મહાવદ તેરસને મહાશિવરાત્રી સોમવારના રોજ શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલના મેદાનમં સમૂહ ચૌલક્રિયા સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારોહના ઉદ્ઘાટક સ્વામીનારાયણ મંદિરના પી.પી.સ્વામીએ નાના ભુલકાઓને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, કનુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ સમારોહમાં દિપ પ્રાગટય મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે નાના ભુલકાઓ દ્વારા સુંદર સ્વાગત કરાયું હતું. સંતોના આર્શીવચન અને મહાપ્રસાદ જેવા ભવ્ય પ્રસંગો યોજાયા હતા.

# સે-૨૮ની લગ્નવાડીમાં સાંજે લગ્ન પત્યાને રાત્રે જુગાર શરૂ થયો

## એલસીબીની ટીમે રાત્રે અઢી વાગે દરોડો પાડીને ૧૨ શકુનીઓને રૂ.૪૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨૮ ખાતે ગઈ કાલે લગ્ન સમારંભ હતો. સાંજે લગ્ન પુરા થયા બાદ મિત્રોએ જુગાર રમવાનું શરૂ કરી દીધું હતું. મોડી રાત્રે એસીબીની ટીમને બાતમી મળતા ટીમે અઢી વાગે દરોડો પાડીને ૧૨ શકુનીઓને રંગે હાથ જુગાર રમતા ઝડપી પાડયા હતાં. રૂ. ૪૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને એલસીબીએ કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા અન્ય માણસોએ ગઈ રાત્રે અઢી વાગે ચોકકસ બાતમીના આધારે સેકટર-૨૮ની લગ્નવાડી ખાતે દરોડો પાડયો હતો. ગઈ કાલે લગ્ન સમારંભ સમાપ્ત થયા બાદ કેટલાક મિત્ર વર્તુળ શખ્સો લગ્નવાડીમાં જ જુગાર રમવા બેસી ગયા હતા. એલસીબીની ટીમે દરોડો પાડી ચરેડી છાપરાના ફિરોજ મજાલ મનસુરી, વિનુ કાળુ ઝાલા, અંજુમ પંકજ મનસુરી, અફઝલ અશરફ મલેક, ફૈઝલ શેરખાન પઠાણ, પ્રતિક પ્રહલાદ ઠાકોર, પ્રકાશ સુભ્રમણ્યમ ઐયર, અનિલ ભીખા સોલંકી, વિષ્ણુ સવાજી રાવલ, લીયાકત ભિખમખાન મલેક અને શંકર રામપ્રસાદ હલવાઈ ઉપરાંત પેથાપુરના અકરમ યુસુફ પઠાણ મળીને ૧૨ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. ૧૩ મોબાઈલ તથા રોકડ રૂ. ૨૯,૪૯૦ મળીને કુલ રૂ. ૪૦,૯૯૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## સે-૨૮ ખાતે મકાનમાંથી દારૂની ૩૦ બોટલો મળી આવી

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨૧ પોલીસની ટીમે ગઈ રાત્રે ૧૦ વાગ્યે બાતમીને આધારે સેકટર-૨૮ના એક મકાનમાં દરોડો પાડયો હતો. સેકટર-૨૮ પ્લોટ નં. ૪૮૮/૨ ખાતે દલા ખોડા મકવાણાના મકાનમાં દરોડો પાડીસે-૨૧ પોલીસે સર્ચ કરતાં તેમાંથી ૩૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧૬,૪૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે પોલીસે દલા મકવાણાની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૨૦ પ્રાથમિક શાળામાં પર્યાવરણ જાગૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સે-૨૦ની પ્રાથમિક શાળામાં તાજેતરમાં પર્યાવરણ જાગૃતિ અંગે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં શહેરની વનશ્રી ટ્રસ્ટ સંસ્થા દ્વારા બાળકોને પર્યાવરણના મહત્વ અને તેના જતન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પર્યાવરણ જાગૃતિ સેમિનારમાં બાળકોને વન્યસૃષ્ટિ તથા વન્યજીવોની ઉપયોગિતા, તેમનું જતન વગેરે અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. શહેરી બાળકોને જંગલ શું છે? જંગલોનું આપણા જીવનમાં શું મહત્વ છે તથા વન્ય પ્રાણીઓની જીવનશૈલી વગેરે જેવી બાબતો અંગે માહિતગાર કરાયા હતા અને ભલે શહેરમાં રહેતા હોય પરંતુ વન તથા વન્ય જીવોના રક્ષણની જવાબદારી તમામ નાગિરકોની છે તે સમજાવવામાં આવ્યું હતુ જેથી ભવિષ્યમાં બાળકો મોટા થઈને રાષ્ટ્રના જવાબદાર નાગરિક બને ત્યારે પર્યાવરણની જાળવણી અંગે સભાન હોય. આ સાથે વન્ય સૃષ્ટિ અને અન્ય જીવોની જાતિ, પ્રજાતિ અને નૈસર્ગિક વિપરિતતા પણ જળવાઈ રહે તે જરૂરી છે તે સમજાવાયું હતું. આ ઉપરાંત ઉનાળાની ગરમીના દિવસોમાં પક્ષીઓ માટે ઘરની છત પર પાણી અને ચણની વ્યવસ્થા કરવા માટે પણ બાળકોને પ્રેરિત કરાયા હતા.



પર્યાવરણ જાગૃતિ સેમિનારનું આયોજન ઉત્કર્ષ ગુપ્તા દ્વારા કરાયું હતું. જેમાં વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવત તથા શાળાના આચાર્યા કૈલાસબેન ગામેતીએ બાળકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.

## લીંબોદરા હાઈસ્કૂલ ખાતે ધો-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર માણસા માર્ગ પર આવેલા લિબોદરા ગામની પી.પી.આર.હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં ધોરણ - ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમા ગામના અગ્રણી વડીલ નાગરીક ઉમેદસિંહે આર્શિવચન પાઠવ્યા હતા. જયારે લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને આચાર્ય તેજસિંહ પરમારે શુભેચ્છા પાઠવી હતી. જયારે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ શાળાને ડસ્ટબીન કચરાપેટી ૫ નંગ ભેટ આપી હતી. શાળાના શિક્ષકો બળદેવભાઈ નાયી, કુસુમબેન, મહેશભાઈ, વીણાબેન, તમજ વિશાલ થોરાતે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અતુલભાઈ રાવલે કર્યુ હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં ગ્રામજનો સહિત વિદ્યાર્થી હાજર રહ્યા હતા.

# શિવરાત્રીથી શહેરમાં વિધિવત શેરડીનો રસ

## ગ્રીષ્મઋતુના આગમને તન અને મનને ઠંડક આપતા પીણાની માગમાં વધારો : હજારો ટન શેરડી નગરમાં ઠલવાશે : પાણીની પરબોનો શુભારંભ

ગાંધીનગર, તા.૭

શહેરમાં મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ગરમીમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા પીણાના સ્થળોનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગ્રીષ્મઋતુના આગમનથી વાતાવરણ હાલમાં ગરમ ગરમ થયુંછે ત્યારે સૌથી વધુ જરૂરિયાત પાણીની ઉભી થાય છે અને તેથી જ નગરના માર્ગો ઉપર પરબો શરૂ થઈ ગઈ છે તો શેરડીના રસનો વર્ષોથી વ્યવસાય કરતા ધંધાદારીઓએ ભોળાનાથને યાદ કરી આ શુભ દિવસે વિધિવત રીતે પોતાના વ્યવસાયને ખુલ્લો મુકયો છે. જો કે પ્રથમ દિવસે ગ્રાહકોને નિઃશુલ્ક શેરડીનો રસ પિવડાવી ભોળાનાથનો પ્રસાદ ગણાવ્યો હતો, તો ઉનાળાની ઋતુએ પણ પોતાની પકડ જમાવવાનું શરૂ કરી દીધું હોવાના આ લક્ષણો પણ કહેવાઈ રહ્યા છે.

ઉનાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે જેમાં વળી શિવરાત્રીથી ઠંડી વિદાય લઈ લેતી હોય છે. જો કે ચાલુ વર્ષે ગરમીનું પ્રમાણ વહેલું શરૂ થઈ ગયું છે અને મહાશિવરાત્રીના પવિત્ર દિવસે પાણીની પરબો અને શેરડીના રસના વ્યવસાયનો વિધિવત રીતે પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. નગરના પ્રવેશમાર્ગો તથા અન્ય માર્ગો ઉપર નિઃશુલ્ક પરબો શરૂ કરવામાં આવી છે અને નગરજનો માટે તે ખુબ જ ઉપયોગી પણ બની રહી છે તો વળી તન અને મનને ઠંડક પહોંચાડતો સર્વેનો હોટ ફેવરીટ શેરડીનો રસ પણ શરૂ થઈ ગયો છે. આમ તો માર્ગો ઉપર શેરડી રસના કોલા ઘણા વહેલા શરૂ કરી દેવાયા હતા જેમાં પર પ્રાંતથી આવતા લોકો આ વ્યવસાય સાથે જોડાયેલા છે.






(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પરંતુ વર્ષોથી એક જ સ્થળે શેરડીના રસનું વેચાણ કરતા વ્યવસાયીઓએ પ્રથમ દિવસે ભોળાનાથનો પ્રસાદ ગણીને ગ્રાહકોને નિઃશુલ્ક શેરડીના રસનું વિતરણ કર્યુ હતું. જેમાં અંબિકા રસ સેન્ટર કે જે બરફ વગરનો ઠંડો શુધ્ધ રસ લોકોને છેલ્લા ઘણા વર્ષોથી પીવડાવે છે તે લોકપ્રિય બન્યો છે. નગરમાં સૌરાષ્ટ્ર, નાસિક અને મહારાષ્ટ્રમાંથી હજારો ટન શેરડીના સાંઠા ઠલવાશે. વિધિવત રીતે શરૂ થયેલા શેરડીના રસનો વ્યવસાય રાત્રીના સમયે પૂરજોશમાં ચાલતો હોય છે તો દિવસ દરમિયાન ગરમીથી ઠંડક મેળવવા લોકો શેરડી રસને પ્રાધાન્ય આપતા હોય છે. સ્વાસ્થ્યની દષ્ટિએ પણ શ્રેષ્ઠ શેરડીનો રસ ગણાઈ રહ્યો છે તો બીજી તરફ પાણીની પરબો માટે દાતાઓ તરફથી દાનની સરવાણી વહાવી દઈ ઠેર ઠેર પોતાના ખર્ચે પરબો ઉભી કરી દીધી છે. આમ ગ્રીષ્મ ઋતુના આગમન થકી શહેર સજ્જ થઈ ગયું છે અને તેના માટેની પૂર્વ તૈયારીઓ પણ આરંભી દીધી છે.



શિવરાત્રી એટલે ભગવાન શિવની પૂજા અર્ચનાનો દિવસ. શહેરમાં સેકટરે સેકટરે ભગવાન શિવની પૂજા અર્ચના પૂર્ણ ભકિતભાવથી કરવામાં આવી હતી. ભકતોએ પૂજા-યજ્ઞ અને ભજન દ્વારા ધન્યતા અનુભવી હતી. જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે ભગવાન શિવની શ્રધ્ધાળુઓ દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. સી.એન. રાજલક્ષ્મી, ઉ.વ. ૭૩
- સ્વ. દેવજીભાઈ જેહાભાઈ પરમાર, ઉ.વ. ૭૫
- સ્વ. પટેલ ગાંડાભાઈ ઉમેદદાસ, ઉ.વ. ૭૨